જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૧/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૩૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૧	૦	૧૧૭૧૧	૧૭૮૨૧	૦	૧૭૮૨૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૯	૧	૧૨૦	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૪૮૮	૮	૭૩૪૯૬	૭૪૫૫૫	૧૧	૭૪૫૬૬
કુલ		૯૦૦૫૧	૯	૯૦૦૬૦	૯૯૦૫૫	૧૧	૯૯૦૬૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૬	૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૮	૧,૪૮,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઝોન-૧ એલ.સી.બી.

વાડજ પોલીસ સ્ટેશનનો મો.સા. ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી એલ.સી.બી. ઝોન-૧

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ઝોન-૧ પો.સબ ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા તથા મ.સ.ઇ. જીવણભાઇ મેઘજીભાઇ બ.નં-૭૫૫૦ તથા મ.સ.ઇ. રેવાભાઇ હમીરભાઇ બ.નં-૪૭૦૨ તથા અ.હેડ.કોન્સ. મુકેશગીરી જગદીશગીરી બ.નં-૯૪૪૦ તથા પો.કોન્સ. દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં-૬૨૮૬ તથા પો.કોન્સ. મહિપતસિંહ નરસિંહભાઇ બ.ન-૧૦૨૧૨ તથા પો.કોન્સ. વિપુલસિંહ પીરાજી બ.નં- ૫૧૮૩ તથા પો.કોન્સ. પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ નાઓ સાથે ઝોન-૧ વિસ્તારના વાહન ચોરીના ગુનાઓ તેમજ અન્ય મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ મિલ્કત સબંધી ગુનાઓ તથા નાસતા/ફરતા આરોપીઓ શોધવા સારૂ ઝોન-૧ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કોન્સ. દિપકકુમાર ઇશ્વરભાઇ નાઓની બાતમી આધારે આરોપી નામ પ્રથમેશસિંહ સ/ઓફ રાજેન્દ્રસિંહ ગોહિલ ઉવ-૨૦ રહે- મ.નં-૨૮ કેસરનગર સોસાયટી અર્જુન આશ્રમ પાસે ચાંદલોડીયા અમદાવાદ શહેરનાઓ પાસેથી હીરો કંપનીનુ સ્પેલન્ડર મોડલનુ મો.સા. જેની કિમત રૂ-૨૫,૦૦૦/- ગણીશકાય જે મુદ્દામાલ કબ્જે કરી આરોપી પકડી પાડી વાડજ પોલીસ સ્ટેશન પાર્ટ "એ"૧૧૧૯૧૦૨૩૨૧૦૪૪૧/૨૦૨૧ ની ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો ડીટેક્ટ કરી પકડાયેલ આરોપી મુદ્દામાલ સહિત વાડજ પોલીસ સ્ટેશન ખાતે સોંપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.તા-૦૮/૧૧/૨૦૨૧



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૪૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૪૩ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૪૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુ: **સમાચાર યાદી નં.૨૦૪૨/૨૦૨૧**

સાબરમતીઃ ધમેન્દ્રસિંહ દશરથસિંહ ઝાલા (ઉ.વ.૨૮) (રહે. ચેનપુર સોસાયટી ચેનપુરગામ સાબરમતી) તા.૦૭/૧૧/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી રેલવે પોલ નંબર-૭૭૬/૯ વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ વિજયસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૪૩/૨૦૨૧**

ઓઢવઃ મુકુંદ દેવરાવ સપકાલ (ઉ.વ.૫૫) (રહે. શ્યામજી કૃષ્ણ ચાર માળીયા વેપારી મહામંડળ પાછળ સિંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૧/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સંજયસિંહ ગણપતસિંહ ચલાવે છે.

રામોલઃ ખુશ્બુ વા/ઓ રાહુલ શર્મા (ઉ.વ.૨૬) (રહે. હરીદર્શન સોસાયટી ગ્રીનપાર્ક સામે આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૧૧/૨૦૨૧ સાંજના ૫/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "આઇ" ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.